નં.જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/ પોસ્ટ
વિતરણ/પોલીસી/૧૫
જી.આ.ઇ.ડી.સી., વડી કચેરી, ગાંધીનગર
તા. ૧૧/૦૬/૨૦૧૯.

## // સ્પષ્ટતા //

વિષય:- નિગમની તબદીલી નીતિ તા. ૦૬/૦૭/૨૦૧૭ અન્વયે સ્પષ્ટતા બાબત.

સંદર્ભ:-
(૧) નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઇડીસી /ઓએન્ડએમ /સીઆઇઆર /પોસ્ટ વિતરણ/પોલીસી/૮૯, તા.૦૬/૦૭/૨૦૧૭
(૨) નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઇડીસી /ઓએન્ડએમ/ સીઆઇઆર /પોસ્ટ વિતરણ/પોલીસી/૧૦૬, તા.૨૧/૦૭/૨૦૧૭
(૩) નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઇડીસી /ઓએન્ડએમ /સીઆઇઆર /વિતરણ /પોલીસી/૦૨, તા.૦૩/૦૧/૨૦૧૮
(૪) નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઇડીસી /ઓએન્ડએમ /સીઆઇઆર /વિતરણ /પોલીસી/૧૭, તા.૨૯/૦૫/૨૦૧૮
(૫) નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઇડીસી /ઓએન્ડએમ /સીઆઇઆર /પોસ્ટ વિતરણ /પોલીસી/૩૫, તા.૨૭/૧૨/૨૦૧૮

નિગમ દ્વારા મિલ્કતોની તબદીલી બાબતે નીતિ વિષયક પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/પોસ્ટ વિતરણ/પોલીસી/૮૯, તા. ૦૬/૦૭/૨૦૧૭ અને ત્યારબાદ સુધારા/સ્પષ્ટતા પરિપત્રો જારી કરવામાં આવેલ છે. પરંતુ હાલમાં કેટલાક એવા કિસ્સાઓ ધ્યાને આવેલ છે કે જેમાં ઉપરોકત પરિપત્રમાં સુચવેલ બાબત અંગે સંલગ્ન ક્ષેત્રિય કચેરીઓ દ્વારા અલગ અલગ અર્થઘટન કરવામાં આવે છે. જેનાથી સમગ્ર બાબતની એકસુત્રતા જળવાતી નથી તેમજ લેવાતા નિર્ણયોમાં વિસંગતતા જોવા મળે છે. જેથી નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવે છે.

- સંદર્ભદર્શિત પરિપત્ર ક્રમાંક: ૧ ના મુદ્દા નં. ૧ માંથી " જો અરજી તારીખથી છેલ્લા ૨ વર્ષના વપરાશના પુરતા પુરાવા રજૂ કરવામાં ન આવે તો મિલ્કત વણવપરાશી ગણવાની રહેશે" કાઢીને વાંચવાનું રહેશે.
- જો મિલ્કત મોરોટોરીયમ પીરીયડમાં હોય અને ફાળવણીદાર તબદીલી માટેની અરજી કરે ત્યારે નીચે મુજબના પુરાવા મંગાવવાના રહેશે.
    - કાયમી વીજ જોડાણનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
    - અરજી કર્યા તારીખથી, છેલ્લા છ માસ પૈકી કોઇ પણ બે માસના વપરાશી લાઇટ બીલ રજૂ કરવાના રહેશે.

નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓએ આ સુચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો.

સહી/-
(ડી.થારા)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

**<u>નકલ જયભારત સહ રવાના:-</u>**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ... તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો... તરફ જાણ સારૂ.
(૩) જ.મે.શ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર... તરફ નિગમની વેબસાઇટ ઉપર મૂકવા સારૂ.

રવાના કર્યું,

મેનેજર (ઇએસટી)
જીઆઇડીસી, ગાંધીનગર